# રહેણાંક મિલકત ટ્રિબ્યુનલ સેવા (RPTS)

---

# સમાન તક નીતિ

# 1. નીતિનો અહેવાલ

રહેણાંક મિલકત ટ્રિબ્યુનલ સેવા (RPTS) તેના સભ્યો, કર્મચારીગણ અને ઉપયોગકર્તા સાથે ન્યાયી વ્યવહાર કરવા માટે પ્રતિબદ્ધ છે. જાતિ, વંશ યા રાષ્ટ્રિય ઉદ્દભવ, વય, ધર્મ, લગ્ન, ખોડખાંપણ, ઘરની જવાબદારીઓ અને જાતિય કેન્દ્રીકરણને ધ્યાનમાં ન રાખીને ન્યાયી સારવાર આપવી એ અમારું લક્ષ્ય છે. બિન – ભેદભાવરૂપ અને આપણા સમાજમાં વિવિધતાને પ્રદર્શિત કરનાર બંને પ્રકારના વાતાવરણને પ્રોત્સાહન આપવાની જવાબદારી આરપીટીએસ (RPTS) ધરાવે છે. એક વ્યક્તિની કોઈ પણ સ્વરૂપમાં ભેદભાવના સંદર્ભમાં લાગણી ન દુભાય તેની ખાતરી કરવાનું અમારું લક્ષ્ય છે.

આરપીટીએસ (RPTS) ના મેનેજમેન્ટ બોર્ડ દ્વારા આ નીતિ અહેવાલને સંમતિ આપવામાં આવી છે.

## 2. સંબંધિત નીતિઓ અને પ્રક્રિયાઓ

આરપીટીએસ (RPTS) ની સમાન તક નીતિની ભાવના નીચે મુજબની બાબતોના માર્ગદર્શન સાથે સુસંગત છે :

- વિવિધતાના સંચાલન માટે ઓફીસ ઓફ ધી ડેપ્યુટી પ્રાઈમ મીનીસ્ટર (ODPM)ની નીતિઓ.
- ઓફીસ ઓફ ધી કમિશ્નર ફોક પબ્લીક એપોઈન્ટમેન્ટસ (OCPA)ની આચારસંહિતા.
- સંબંધિત ન્યાય પદ્ધતિ.

## 3. નીતિનો અમલ

ત્રણ મુદ્દા હેઠળ આ નીતિના અમલનો સમાવેશ થાય છે.

- પગલાં
- પુનર્વિચાર
- દેખરેખ

## 4. પગલાં

કાર્યની પ્રગતિના આધાર પર આ મુજબની ખાતરી માટે પગલાં લેવામાં આવશે :

- સમાજ અને ધર્મની વિવિધતાને શકય તેટલે અંશે રજૂ કરતા નવાં સભ્યોની પેનલમાં ભરતી કરવી કે જે પેનલ કાર્ય કરી શકે.
- સમાન તકોના સારા કાર્ય સાથે સુસંગત રીતે સ્ટાફ અને સભ્યોની મેનેજમેન્ટ પેનલ કાર્ય કરે છે.
- સમાન તકોની બાબતોની સભાનતા અને જ્ઞાનમાં વૃદ્ધિ કરવા માટે અને સંચાલન કરવા માટે સભ્યો અને કર્મચારીગણ માટે સમયાંતરે તાલીમનું આયોજન કરવામાં આવે છે.

પેનલના ઉપયોગકર્તાઓ સાથે ન્યાય અને સમાનતાના આધારે વ્યવહાર કરવામાં આવે છે, આથી

- તમામ ઉપયોગકર્તા તેના વ્યવહારમાં ન્યાયી સારવાર પેનલ સભ્યો અને કર્મચારીગણ સાથે મેળવશે;
- અંપગ ઉપયોગકર્તા માટે શકય હોય તેટલી સુવિધાઓ સરળ બનાવવામાં આવશે (NB આ સુનાવણીના સમયે હંમેશા વ્યાવહારિક ન પણ હોઈ શકે જ્યાં પસંદગીના ઉપાય સીમિત હોય);
- જે જોવાની અને સાંભળવાની તકલીફ ધરાવે છે, તેમને શકય હશે તેટલી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે;

જે લોકોને ઈંગ્લીશ બોલવામાં અને સમજવામાં તકલીફ હોય તેમને શકય હોય તેટલે અંશે દુભાષિયા અને ભાષાંતર પૂરાં પાડવામાં આવશે;

## 5. દેખરેખ

સુંદર સમાન તકોની નીતિ સાથે તેઓ સુસંગત છે કે નહીં તેની ખાતરી માટે આરપીટીએસ (RPTS) તેની નીતિઓ અને પગલાં પર સતત દેખરેખ રાખશે. ઓડીપીએમ (ODPM) અને કેબીનેટ ઓફિસને અહેવાલ રજૂ કરવાની આવશ્યકતા રહેશે.

## 6. પૂનર્વિચાર

મેનેજમેન્ટ બોર્ડ દ્વારા સમયે સમયે નીતિ પર પૂનર્વિચાર કરવામાં આવશે અને વર્તમાન સુંદર કાર્યની આવશ્યકતાના સંદર્ભમાં તેને આધુનિક કરવામાં આવશે.

## 7. ફરિયાદો

આ નીતિ અને તેના અમલીકરણમાંથી ઉદ્દભવતી કોઈપણ ફરિયાદોનું સંચાલન આરપીટીએસ (RPTS) દ્વારા સ્થાપિત ફરિયાદ પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે.

## 8. કાર્ય અને જવાબદારી

આરપીટીએસ (RPTS) ની મર્યાદામાં નીચે મુજબના કાર્ય અને જવાબદારીઓ નક્કી કરવામાં આવ્યાં છેઃ

આ નીતિ, તેનું અમલીકરણ દેખરેખ અને પુનર્વિચારની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટ બોર્ડ ધરાવે છે.

તેના સભ્યોની ભરતી અને સંચાલન સંબંધિત નીતિના અમલીકરણ માટે પેનલ પ્રેસિડેન્ટ જવાબદાર છે, અને આમ, તેઓ સુનાવણીમાં સમાન તકોના સારા કાર્યની જાળવણી માટે અને નિર્ણયોમાં કે જે ટ્રિબ્યુનલ અને કમીટી લે છે તેમાં નિયમોનું પાલન કરે છે.

સુનાવણી અને નિર્ણયોમાં કે જે તમને સંબંધિત છે તેમાં સમાન તકોના સારા કાર્ય માટે પેનલ ચેરમેન જવાબદાર છે.

પેનલ સભ્યોની ભરતી, અને સંચાલનમાં અને પેનલ ઉપયોગકર્તા અને જનતાના અન્ય સભ્યો સાથેના વ્યવહારમાં સમાન તકોના સારા કાર્યની સંપૂર્ણ જવાબદારી ઓપરેશન ડાયરેકટરની છે.

તેમની પેનલમાં કર્મચારીગણની ભરતી અને સંચાલનમાં સમાન તકોના સારા કાર્ય માટેની જવાબદારી ઓપરેશન ડાયરેકટર હેઠળ રીજીયોનલ મેનેજર્સની છે.

## 9. સૂચનો

આ નીતિ અહેવાલના અમલીકરણ માટેના સૂચનો અને સલાહો ચીફ એકઝીકયુટીવને RPTS, 10 Alfred Place, London WC1E 7LR પર મોકલવી જોઈએ. કોપીરાઈટ

કોપીરાઈટ 2005

---

## ફોન પૂછપરછ

તમારી પૂછપરછોના જવાબ માટે અમારી પબ્લીક લાઈન પર ફોન સેવા, ટ્રિબ્યુનલ પ્રકાશનોની માહિતી પૂરી પાડવામાં આવશે અને ટ્રિબ્યુનલ પદ્ધતિ કેવી રીતે કરે છે તે અંગે સ્પષ્ટતા કરવામાં આવશે.
પૂછપરછ લાઈનનો નંબર

**0845 600 3178**